# સૌરાષ્ટ્રમાં મુશળધાર વરસાદ : વીજળીએ છનો ભોગ લીધો

## ખંભાળીયામાં ૮.૫ ઇંચ, બાબરા ૬ ઇંચ, લાઠીમાં ૪.૫, રાજુલામાં ૪.૫ ઇંચ : વિજળી પડતાં ૫નાં મોત : બાબરા નજીક બળદગાડુ તણાંતા મહિલાનું મોત નિપજ્યું

અમદાવાદ,તા. ૧૬

સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં આજે દિવસ દરમિયાન ભારે વરસાદ પડ્યો હતો જેમાં ૧૪ જિલ્લાના ૬૮ તાલુકામાં વરસાદ પડ્યો છે. જામનગરનાં ખંભાળિયામાં બપોરે બે કલાકમાં જ ૬ ઈંચ વરસાદ પડતાં આખોયે વિસ્તાર પાણી-પાણી થઈ ગયો હતો અને દિવસ દરમિયાન ખંભાળિયામાં સાડા આઠ ઈંચ વરસદા પડ્યો હતો. આ ઉપરાંત વિસાવદરમાં સાડા ત્રણ ઈંચ, બાબરામાં પોણા છ ઈંચ, લાઠીમાં સાડા ચાર ઈંચ અને રાજુલામાં સાડા પાંચ ઈંચ વરસાદ પડ્યો છે. સૌરાષ્ટ્રમાં આજે વીજળી પડવાથી પાંચના મોત નીપજ્યા છે તથા બળદગાડું વોંકળામાં તણાતા મહિલાનું મોત નીપજતા મૃત્યુનો આંક ૬ પર પહોંચ્યો છે.

સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટનાં સૂત્રોના જણાવ્યા મુજબ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં આજે સાંબેલાધારે વરસાદ પડ્યો હતો, જેમાં કચ્છના અંજારમાં સાડા ત્રણ ઈંચ, રાજકોટનાં મોરબીમાં અઢી ઈંચ અને જામનગરનાં ખંભાળીયામાં સાડા આઠ ઈંચ વરસાદ પડ્યો છે. ખંભાળીયામાં તો બપોરે માત્ર બે કલાકમાં જ છ ઈંચથી વધુ વરસાદ પડી જતાં આખોયે વિસ્તાર પાણીથી તરબોળ થઇ ગયો હતો. આ ઉપરાંત જામનગરના લાલપુરમાં બેઈંચ, જુનાગઢના માળિયામાં બે ઈંચથી વધુ, કેશોદમાં અઢી ઈંચ, માંગરોળમાં પણ બે ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો જ્યારે વિસાવદરમાં પણ સાડા ત્રણ ઈંચ વરસાદ પડ્યો છે. અમરેલી જિલ્લામાં આજે દિવસ દરમિયાન મેઘરાજા સાંબેલાધારે વરસ્યા હતા. જિલ્લાના બાબરામાં પોણા છ ઈંચ વરસાદ પડ્યો છે, તથા જાફરાબાદમાં સવા બે ઈંચ, અને લાઠીમાં સાડા ચાર ઈંચ વરસાદ પડતા અને હાઈવે પર પાણી ભરાય જતા લાઠી સ્ટેશનથી હાઈવે ટ્રાફિક માટે બંધ કરવાની ફરજ પડી હતી. તેમજ જિલ્લાના રાજુલામાં પણ સાડા પાંચ ઈંચ વરસાદ પડતા રોડ-રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ઉત્તર ગુજરાતના સાબરકાંઠા અને બનાસકાંટાના કેટલાક વિસ્તારોમાંપણઇ ધોધમાર વરસાદ પડ્યો હતો જેમાં સાબરકાંઠાના વિજયનગરમાં એક જ કલાકમાં બે ઈંચ વરસાદ પડ્યો છે જ્યારે પાલનપુરમાં પણ ધોધમાર વરસાદ પડ્યાના વાવડ મળ્યા છે.

સૂત્રોના કહેવા મુજબ સૌરાષ્ટ્રમાં વીજળી પડવાને લીધે પાંચના મોત નીપજ્યા છે જ્યારે એક મહિલાનું તણાઇ જતા મોત નીપજતાં મૃત્યુઆંક ૬ પર પહોંચ્યો છે. ઉપલેટાના લાઠ ગામે સીમમાં કામ કરી રહ્યા હતા ત્યારે વીજળી પડતા રમેશભાઇ રામજીભાઇ ભલાણી અને તેમની પત્ની મંજુલાબેન રમેશબાઇ એમ પતિ-પત્નીનું મોત નિપજ્યું હતુ જ્યારે તેમના તેમના પુત્રવધુ દાઝી જતાં હોસ્પિટલમાં ખસેડાયા છે.

જૂનગઢના વેરાવળ તાલુકાના ગોવિંદપરા ગામમાં વીજળી પડતા મૂળાભાઇ ગનીભાઇનું મોત નીપજ્યું છે જ્યારે તાલુકાના સવની ગામે વીજળી પડતા અમરશીભાઇ ઝાલા નામના યુવાનનું મોત નીપજ્યું છે. આ ઉપરાત અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના લોટપુર ગામે વિજળી પડતા વીરાજબેન ભાંભણીનું મોત નીપજ્યું હતું. આમ વીજળી પડતા પાંચનાં મોત થયાં છે જ્યારે અમરેલીનાં બાબરાત તાલુકાના ઈંગરોળા ગામે બળદગાડુ વોંકળામાંથી પસાર થતાં પાણીના પ્રવાહને કારણે બળદગાડુ તણાઈ જતા મહિલાનું મોત નિપજ્યું હતું જ્યારે ત્રણ જણા બચી ગયા હતા.

**વડીલોને વંદન**

**અભિનંદન**



મીનાબેન ભૂપેન્દ્રકુમાર શાહ
(૧૯૪૭) ૨૩૨૪૮૨૩૭

### ગાંધીનગર નેશનલ માસ્ટર એથ્લેટિકની સામાન્યસભા આજે મળશે

ગાંધીનગર, તા. ૧૬

નેશનલ માસ્ટર એથ્લેટિક ચેમ્પીયન શીપ તા. ૨૭મી જુને યોજાવાની છે. જેમાં રાષ્ટ્રીય સ્પર્ધામાં ૬ ખેલાડીઓ ભાગ લેનાર છે. જેમનો શુભેચ્છા સમારંભ પણ રાખવામાં આવ્યા છે. તા.૧૬મી જૂનના સવારે સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા મળશે. જેમાં હાજર રહેવા જણાવેલ છે.

### શહેરના સોલા વિસ્તારમાં બંધ મકાનમાંથી ૬૧000ની ચોરી

અમદાવાદ, તા.૧૬

શહેરમાં રોજબરોજ ચોરીના અનેક બનાવો બનતા રહે છે ત્યારે પોલીસ આ અંગે ઉઘતી ઝડપાઈ છે. ત્યારે આપણી સામે એક ચોરીનો બનાવ આવ્યો છે જેમાં બંધ મકાનમાંથી લુંટારુઓ ચોરી કરીને નાસી ગયા છે. આ અંગેની ફરીયાદ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવતા પોલીસે વધારે તપાસ આદરી છે.

સુત્રોના જણાવ્યા અનુસાર રાજયોગ કોમ્પલેક્ષ, આર.સી. ટેકનીકલ રોડ, સોલા વિસ્તારમાં રહેતા સોહનલાલ નાનજીભાઈ કલાલએ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કેતા. ૧૫-૬-૧૩ સવારના ૭:૦૦ થી ૭:૧૦ વાગ્યા દરમિયાન સોલા આર.સી. ટેકનીકલ રોડ રાજયોગ કોમ્પલેક્ષ ખાતે રીયલ પ્રેપ્રીકોન હોટલના કેશકાઉન્ટરનું તાળું તોડી આરોપી રામસિંગ મગનસિંગ રાજપુત (રહે. ગામ ગુડા તા. નાથદ્વાર, રાજસ્થાન) જે રોકડ રૂા. ૬૧,૦૯૨ મતાની ચોરી કરી નાસી ગયો છે. આ અંગે સોહનલાલ નાનજીભાઈ કલાલે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવતા આ ગુનાની તપાસ મ.સ.ઈ. કિરીટસિંહ કાનાજીએ હાથ ધરી છે.

# અમદાવાદમાં ફરી વખત વરસાદથી પાણી ભરાયા

## નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા: પ્રી-મોનસૂન આયોજનની તંત્રની વાત પોકળ પૂરવાર : લોકો અટવાયા

અમદાવાદ, તા.૧૬

ગુજરાતની સાથેસાથે અમદાવાદમાં પણ મોડી સાંજે જોરદાર વરસાદ તૂટી પડતા ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને હંમેશની જેમજ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. બે દિવસ પહેલા જ પડેલા વરસાદના કારણે લોકોને રાત્રે ભારે મુશ્કેલી નડી હતી અને અમદાવાદ જેવા અતિ આધુનિક સુવિધા ધરાવતા શહેરમાં પણ માત્ર બે ઈંચ વરસાદથી જ પાણી ભરાતા લોકોમાં કોર્પોરેશનના આયોજન સામે પ્રશ્નો ઉભા થયા હતા. પ્રી-મોનસૂનની તૈયારીની વાત હંમેશા તંત્ર દ્વારા કરવામાં આવે છે પંરતુ જ્યારે પણ બે ઈંચથી વધારે વરસાદ થઈ જાય છે ત્યારે તંત્રના તમામ દાવાઓ પોકળ પુરવાર થઈ જાય છે અને ચારે બાજુ પાણી ભરાઈ જાય છે જેથી વાહન ચાલકોને ભારે અચડણોનો સામનો કરવો પડે છે. માત્ર નીચાણવાળા વિસ્તારોમાં જ નહીં બલકે શહેરના ખુબજ પોશ ગણાતા સેટેલાઈટ, વિજય ચાર રસ્તા, નારણપુરા, શાહિબાગ જેવા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. આજે અમદાવાદ શહેરમાં સાંજે સાત વાગ્યની આસપાસ જોરદાર વરસાદની શરૂઆત થઈ ગઈ હતી. અને મોડી રાત સુધી કડાકા અને પવન સાથે વરસાદ જારી રહ્યો હતો. બાપુનગર, મેઘાણીનગર, નરોડા, વટવા, મણિનગર, નારણપુરા, વિજય ચારરસ્તા, સેટાલાઈટ, મેમનગર, ઘાટલોડિયા, ચાંદલોડિયા, સુભાષબ્રિજ, સાબરમતિ સહિતના વિસ્તારોમાં વરસાદ તૂટી પડ્યો હતો જેના કારણે મોડી સાંજે ટ્રાફિકથી ભરચક રહેતા વિસ્તારોમાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી અને ભારે અંધાધૂંધી ફેલાઈ હતી.


મોટાભાગના લોકોમાં એકજ ફરિયાદ જોવા મળી હતી કે સારા આયોજનનો હજુ પણ અભાવ જોવા મળે છે. કેટલીક જગ્યાએ વૃક્ષો પડવાના બનાવ પણ બન્યા હતા. અમદાવાદમાં પણ મોનસૂનની જોરદાર એન્ટ્રી થઈ ગઈ છે.

### વટવામાં તરૂણીની ગળે ફાંસો ખાઈ આત્મહત્યા

વટવા વિસ્તારમાં રહેતી એક તરૂણીએ કોઈ કારણોસર પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળે ફાસો ખાઈ આત્મહત્યા કરતા પુરા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. સુત્રોના જણાવ્યા અનુસાર વિનોબાભાવે નગર, વિંઝોલ ગામ, વટવા વિસ્તારમાં રહેતી સોનુબહેન કેતનભાઈ જાદવ (ઉ.વ.૧૬) જે કોઈ કારણોસર તા. ૧૫-૬-૧૩ના રોજ બપોરના ૪:૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળે ફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. જેના કારણેપુરા વિસ્તારમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની વધારે તપાસ પો.સ.ઈ. બી.એસ. સોલંકીએ હાથ ધરી છે.



વરસાદના કારણે ખાડા અને ભૂવા પડવાની શરૂઆત થઈ ચુકી છે. રાણીપ વિસ્તારમાં રાધાસ્વામી રોડ પર એએમટીએસની બસ ખાડામાં ફસાઈ ગઈ હતી.



સાયન્સ સીટી વિસ્તારમાં ગરમીના કારણે સાપ નીકળતા ઉત્તેજના ફેલાઈ ગઈ હતી.


# ચેઈન સ્નેચીંગના વધી રહેલા કેસોથી પોલીસ સામે પડકાર

## ઈસનપુર તેમજ ખોખરામાં બનેલા બનાવમાં ઉંડી તપાસ

અમદાવાદ, તા.૧૬

શહેરમાં દિન-પ્રતિદિન ચેન સ્નેચીંગના બનાવોમાં વધારો થતો જાય છે. ત્યારે લોકો સોનું પહેરીને બહાર નીકળતા પણ ડરે છે ત્યારે આવા આપણી સામે ચેન સ્નેચીંગના બે બનાવો બન્યા છે ઈસનપુર વિસ્તારમાં અને ખોખરા વિસ્તારમાં ચેન સ્નેચીંગના બનાવ બન્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આદર્શ સોસાયટી, ઈસનપુર વિસ્તારમાં રહેતા સ્વીટીબહેન બીપિનભાઈ સોની જે તા. ૧૨-૬-૧૩ રાતના ૮:૦૦ વાગ્યાના સુમારે આદર્શ સોસાયટીના મેઈન ગેઈટ પાસેથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન પલ્સર જેવી ફાસ્ટ મોટરસાઈકલ ઉપર આવેલ એક પુરૂષે સ્વીટીબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂા. ૨૦,૦૦૦ની તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ સ્વીટીબહેને તા. ૧૫-૬-૧૩ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે આ અંગેની તપાસ મ.સ.ઈ. જેસીંગભાઈ હાથ ધરી છે. આવો જ બીજો બનાવ પારસનાથ ભાઈપુરા રોડ, ખોખરા વિસ્તારમાં રહેતા સુમિત્રાબહેન ગુલાબભાઈ જૈન જે તા. ૧૪-૬-૧૩ના રોજ રાતના ૯:૧૫ વાગ્યાના સુમારે ભાઈપુરા રોડ ઉપર આવેલ શનિદેવ મંદિર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટરસાઈકલ ઉપર આવેલા બે શખ્સો પૈકી એક પુરૂષે સુમિત્રાબહેનના બરડાના ભાગે ટપલી મારી આથી સુમિત્રાબહેને પાછળ જોતાં મોટરસાઈકલ બેસેલ પુરૂષે સુમિત્રાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂા. ૨૦,૦૦૦નો તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સુમિત્રાબહેન જઈને ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. અને આ અંગેની તપાસ પો.સ.ઈ. બી.આર. પાંડવે આદરી છે.

## શબ્દાવલી - ૫૦૯૧



**આડી ચાવી**

૧. કાગડોળે (૩)
૫. વળાંક, અંગભંગિકા (૩)
૪. ટેડું, ત્રાંસુ (૨)
૮. ઝાપટ, લાફો (૩)
૧૦. ચાવી, બળ નહિ - થી કામ લેવું (૨)
૧૧. પડકાર, બચાવનાર (૫)
૧૪. તારનાર, બચાવનાર (૫)
૧૬. તળીયું, સપાટી (૨)
૧૭. પરવા, ચિંતા (૨)
૧૮. યુદ્ધ, તોફાન (૪)
૨૦. પરિચારીકા (૨)
૨૧. હોબાળો, સનસનાટી (૪)

**ઊભી ચાવી**

૧. રમણભમણ, તોફાન (૪)
૨. બીક, ડર (૨)
૩. ડફોળ, ડોબા જેવું (૪)
૪. પરેશાન (૬)
૬. કક્કા (૩)
૭. ગુનો (૨)
૯. પાલના કરનાર (૫)
૧૨. ... કુલ રીતી ચલી આઇ પ્રાણ જાય પર વચન ન જાઈ.. (૨)
૧૩. ઈચ્છા, આશા (૪)
૧૪. એક ઘરેલું (૩)
૧૫. ખેલ (૩)
૧૬. તિખારા (૩)
૧૯. વેર-ઝેર (૨)

### શબ્દાવલી ૫૦૯૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) કાગડોળે (૩) આરસી (૬) આંગળીયા (૭) નહેર (૯) સમદુખીયા (૧૨) રખેવાળ (૧૪) ખલ (૧૫) મમળાવવું (૧૬) ખીલ (૧૮) લલાટ (૧૯) નટખટ (૨૦) ખટકો

**ઊભી ચાવી :-** (૧) કાનન (૨) ડૉલર (૩) આગ (૪) રડી (૫) સીયાવીયા (૬) આલમ (૮) હેમખેમ (૯) સળવળાટ (૧૦) દુઃખ (૧૧) ખીલખીલાટ (૧૨) રમજાન (૧૩) વાળા (૧૭) લટકો (૧૮) લખ

# ઝીરો લેવલ ડ્રોપ આઉટનો સંકલ્પ પાર પાડીએ : મોદી

## કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવને જવાબદારીનું સફળ આયોજન બનાવવાનું મોદીનું ટેલી કોન્ફરન્સથી આહવાન

અમદાવાદ, તા.૧૬

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આગામી ૨૦મી જૂનથી ત્રણ દિવસ માટે શહેરી ક્ષેત્રના કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવ દ્વારા તમામ મ્યુનિસિપલ પ્રાથમિક શાળામાં ઝીરો-લેવલ ડ્રોપ આઉટનો સંકલ્પ પાર પાડવા અને ગરીબોના ઘર સુધી શિક્ષણથી કોઈ બાળક વંચિત રહે નહીં તે માટેનું સામાજિક દાયિત્વનું આંદોલન સફળ બનાવવાનું આહ્વાન કર્યું છે.

મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં તેમના નિવાસસ્થાનેથી ટેલી કોન્ફરન્સ માધ્યમથી આઠ મહાનગરોના મેયરો અને ૧૫૯ નગરપાલિકાઓના પ્રમુખો સહિત તમામ પદાધિકારીઓ કાર્પોરેટરો, નગરસેવકો અને સ્થાનિક સ્વરાજ સંસ્થાના વહીવટકર્તાઓને પ્રેરક સંબોધન કરતાં જણાવ્યું કે શહેરી ક્ષેત્રમાં શિક્ષકો અને શાળાઓનું વ્યાપક નેટવર્ક જોતાં શહેરોમાં મ્યુનિસીપલ શાળાઓ ઉત્તમ હોવી જ જોઈએ. શહેરી ગરીબો માટે શિક્ષણ અને આરોગ્ય પ્રત્યે સમાજની ઉદાસિનતા દૂર કરવાની સમયની માંગ છે તેમ તેમણે શહેરી ક્ષેત્રની મ્યુનિસિપલ શાળાઓની ઉપેક્ષા પ્રત્યે પીડા વ્યક્ત કરતાં જણાવ્યું હતુ.

ગુજરાત ઝડપથી શહેરીકરણ તરફ આગળ વધી રહ્યુ છે અને શહેરોમાં રોજી-રોટી માટે આવનારા જનસમુદાયોની સંખ્યા વધી રહી છે જેના કારણે શિક્ષણ અને આરોગ્ય માટે વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે તેમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતુ. પ્રાથમિક શિક્ષણની સેવાઓ માટે શહેરી ક્ષેત્રમાં તકોછે અને પડકારો પણ છે. હવે માત્ર શિક્ષણના કારોબાર કરતા વહીવટી અધિકારીઓ ઉપર આ પડકાર નથી પરંતુ સમગ્ર સમાજનું કર્તવ્ય છે તેમ પણ તેમણે જણાવ્યું હતુ.

શહેરી ગરીબ સમૃદ્ધિ યોજનાના ૨૫૦૦૦ કરોડના પેકેજમાં શિક્ષણ અને આરોગ્યની સેવાઓની ખાસ ચિંતા કરી છે. મહાનગર-નગરોને સુખ-શાંતિથી ધબકતા રાખવા ઉદ્યોગ કે મોલ એક જ પેરામીટર્સ નથી પણ શહેરની સમસ્યાયઓ, બિમારીઓથી દૂર રહેવા ઝૂંપડપટ્ટી સુધી શિક્ષણ આરોગ્યની સેવાના ગુણાત્મક પરિવર્તન સાથે ટોચ પ્રાધાન્ય આપવું જ પડે એમ તેમણે જણાવ્યું હતુ. શહેરી ક્ષેત્રની મ્યુનિસિપલ પ્રાથમિક શાળાઓ એ - ગ્રેડની ઉત્તમ શાળઆ બને તે માટે આપણે પ્રતિબદ્ધબનવું જ પડશે. ગરીબ બાળકની સમાજના છેવાડાના માનવીની સુખાકારી-શિક્ષણની કાળજી લીધા વગર શહેરોની સમસ્યા અને વિકાસના પ્રશ્નો હલ થવાના નથી એમ નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતુ.

### વિસ્તરણના સંકેતો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈન્તજાર કરવો રહ્યો. મોદીનું એનડીએ જરા અલગ -કારનું દેખાઈ રહ્યું છે.

પોરબંદર સેસન્સ કોર્ટના ચૂકાદા પછી કેબિનેટ મંત્રી બાબુ બોખિરીયાને મંત્રીપદ છોડવું પડે તેવી શક્યતા જણાઈ રહી છે. આજે રવિવારે તેઓ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને મળી ચૂક્યા છે અને મંત્રીમંડળમાં રહેવું કે રાજીનામું આપવું તે બાબતે તેમણે વિસ્તૃત ચર્ચા કરી હોવાનું મનાય છે.

બાબુ બોખિરીયા જો સ્ટેપડાઉન થાય તો મોદી સરકારમાં તેઓ માયા કોડનાની અને અમિત શાહ પછી ત્રીજા મંત્રી હશે કે જેમને મંત્રીપદ છોડવું પડ્યું હોય.

### પુસ્તકો પધરાવતી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કિંમત આપી અભ્યાસક્રમ ઉપરાંતના પુસ્તકો ખરીદવા પડે છે. દિલ્હી, મુંબઈ, બેંગ્લોરના પ્રકાશકોના પુસ્તકોની કિંમત પણ ખુબ ઉંચી હોય છે. અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકનો એક સેટ ૩૫૦-૪૦૦ રૂ.માં મળી જાય છે તો તેની સાથે પધરાવવામાં આવતા ખાનગી પ્રકાશકોના પુસ્તકોની કિંમત ૨૦૦૦-૨૫૦૦ રૂ. સુધી સહેજેય પહોંચી જાય છે. આ પુસ્તકો અંગે શાળા સંચાલકો એવો દાવો કરે છે કે તેના અભ્યાસની ગુણવત્તા ઉંચી હોય છે. જો કે ઘણા વાલીઓ એવું કહે છે કે બાળકના માથે શાળાઓ વધારાના અભ્યાસનો બોજ નાંખી દે છે અને અમારા માથે ખર્ચનો. શાળાઓને પ્રકાશકો ઉંચુ કમીશન પણ આપતા હોવાની ચર્ચા વાલીઓ કરી રહ્યા છે. શિક્ષણ વિભાગ કહે છે કે અમને આ બાબત અંગે કોઈ ફરિયાદ મળી નથી.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
APOLLO TYRES
રવિવારે શો રૂમ
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
● હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

**ઓનલાઈન જાહેર નિવિદા**
પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ, ગાંધીનગર (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)
**જાહેર નિવિદા પી.આઈ.યુ.-૨૩ (૨૦૧૨-૧૩)**

મુખ્ય ઈજનેરશ્રી, પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ, પી.જી. હોસ્ટેલ, સીવીલ હોસ્પિટલ કંપાઉન્ડ, ગાંધીનગર-૩૮૨૦૩૦ દ્વારા હાથ ધરવાના થતા જુદા જુદા જિલ્લાના કામોના ઓનલાઈન ટેન્ડરો આ વેબસાઈટ www.nprocure.comથી મંગાવવામાં આવે છે. બધા કામોની વિગત ઓનલાઈન મુકેલ છે. ફોન નં. (૦૭૯) ૨૩૨ ૩૧૪૩૪ અને ફેક્સ નં. : (૦૭૯) ૨૩૨ ૩૧૯૯૫
ઓનલાઈન ભરવાની તા. ૦૮/૦૭/૨૦૧૩, ૧૮.૦૦ કલાક સુધી
ટેન્ડર ફી, ઈ.એમ.ડી. વિગેરે ડોક્યુમેન્ટ મોકલવાની તા. ૯/૭/૨૦૧૩ થી તા. ૧૨/૭/૧૩ - ૧૮.૦૦ કલાક સુધી
ઓનલાઈન ટેન્ડર ખોલવાની તા. ૧૫/૭/૨૦૧૩ - ૧૨.૦૦ કલાકે
માહિતી/૫૬૫/૧૩-૧૪

ખેતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય
કૃષિ ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર
ઝેરોક્ષ તેમજ સ્પાઈરલ બાઈન્ડીંગની કામગીરીના ભાવ કરાર બાબત

ખેતી નિયામક, ગુ.રા., ગાંધીનગરની કચેરીની ઝેરોક્ષની કામગીરી માટે કચેરી ખાતે ઝેરોક્ષ મશીન મુકીને ગાંધીનગરની સ્થાનિક ઝેરોક્ષ કામગીરી કરતી પાર્ટીઓ પાસેથી વાર્ષિક ધોરણે પ્રતિ કોપીના દરથી કોપીવાઈઝ ઝેરોક્ષ માટે ટેન્ડર મંગાવવામાં આવે છે. રસ ધરાવતી પાર્ટીઓએ રૂ. ૫૦૦/- (નોન રીફંડેબલ) ટેન્ડર ફી ઉપરોક્ત કચેરીમાં રોકડા ભર્યેથી સમય ૧૧.૦૦ થી ૧૬.૦૦ કલાક દરમિયાન ટેન્ડર ફોર્મ મળી શકશે. ટેન્ડર ફોર્મ પરત સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૫/૬/૨૦૧૩ રહેશે. ટેન્ડર ફોર્મના કવર ઉપર 'ઝેરોક્ષ તેમજ સ્પાઈરલ કામગીરીના ભાવ કરાર' એમ અવશ્ય લખવાનું રહેશે.

સહી/-
ખેતી નિયામક, ગુ.રા.,
કૃષિભવન, ગાંધીનગર
માહિતી/૫૬૬/૧૩-૧૪